ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રસોડાની રાણીના માથે ઘરના પાણીની જવાબદારી

વસ્તી ગણતરી અહેવાલમાં પેયજળ સ્રોત અને સ્થિતિ ઉપરાંત વીજળી અને શૌચાલયની ઉપલબ્ધતા પરિવારની માહિતી વર્ગીકૃત કરવામાં આવે છે. આ માહિતી અનુસાર ગ્રામીણ ગાંધીનગરના ૧ લાખ ૬૦ હજાર પરિવાર પૈકી ૭૦ ટકા પરિવારોને તેમના રહેણાંક પરિસરની અંદર પીવાલાયક પાણી ઉપલબ્ધ છે જ્યારે ૨૫ ટકા પરિવારોને ઘરની નજીકથી પીવાનું પાણી ઉપલબ્ધ થઈ શકે છે પરંતુ ૭,૬૨૯ પરિવારો એટલે કે પાંચ ટકા પરિવારો એવા પણ છે કે એમને ઘરના માટે પીવાનુ પાણી ઘરથી દૂર જઈને મેળવવુ પડે છે. જે પાંચ ટકા પરિવારોને ઘરમાં કે ઘર આંગણે પીવાનું પાણી મળતુ નથી એ લગભગ ઘરની સ્ત્રીઓને જ પીવાનું પાણી બહાર ભરવા માટે જવું પડતું હશે. આ પરિવારોની સ્ત્રીઓને જ પીવાનું પાણી મેળવવા માટે માથે બેડા મુકીને રોજ નીકળવું પડતું હશે




**આ તો કેવું પાણિયારૂ રસોડામાં એટલે પીવાનું પાણી સ્ત્રીએ લાવવાનું ?**

કારણ કે ઘરમાં પીવાના પાણીનું સ્થાન રસોડામાં હોય છે.

ઘરમાં પીવાના પાણીનું સ્થાન 'પાણિયારૂ' રસોડામાં જ હોય અને સ્ત્રીઓને તો સરસ મજાનું લેબલ સમાજે વરસોથી આપી દિધુ છે 'રસોડાની રાણી' એટલે રસોઈ કાર્ય ઉપરાંત રસોડાને લગતી તમામ કામગીરી તેને જ કરવાની હોય. રસોઈ બનાવવી, રસોડુ સાફ કરવું, જો ગેસની સગવડ હોય તો ગેસ અને રસોડામાં પ્લેટફોર્મ હોય તો પ્લેટફોર્મ ના હોય તો રસોઈ થતી હોય એ ચૂલો, રસોડુ અને રસોઈ કરતાં કરતાં ઘરના સર્વે સભ્યોને પીરસવાનુ કામ, ઘરના સભ્યો જમી લે પછી વાસણ-એઠવાડનું સાફ-સફાઈ કામ અને નિકાલનું કામ પણ સ્ત્રીએ જ કરવાનું હોય છે. પાણિયારૂ રસોડામાં હોવાથી જો ઘરમાં પીવાનું પાણી ના આવતું હોય તો એની જવાબદારી પણ સ્ત્રીના માથે જ હોય છે. કારણકે સ્ત્રી તો રસોડાની રાણી છે !

એક સરસ મજાના શબ્દ સાથે સ્ત્રીની ઓળખાણ જોડી દઈને તેની પાસે વધુ કામ સદીઓથી સમાજ પરંપરાગત રીતે કરાવે છે અને બીજી બાજુ આપણે નાગરિક સ્વાતંત્ર્ય અને સ્ત્રી-પુરૂષની સમાનતાની વાતો કરીએ છીએ. ઘરના કોઈપણ કામ હોય એ રસોડાનું ના હોય તો પણ એ કામ સ્ત્રીઓનું જ ગણાય છે. જે ઘરમાં દિકરી મોટી થઈ જાય (પાણી માથે ઉંચકી શકે એટલી) તો એ ઘરની કુમારી (રાજ)ને પણ ઘરથી દૂર જો પાણી લાવવાનું હોય તો આ પાણીદાર કાર્યમાં જોડી દેવામાં આવે છે. સવાલ એ છે કે જો માથે બેડાં મૂકીને દૂરથી પાણી લાવવાનું કામ આપણે સ્ત્રીઓના માથેથી દૂર કરીએ તો જ સાચી સમાનતા આવશે. પ્રાથમિક શિક્ષણમાં કે અન્ય કોઈપણ શિક્ષણમાં છોકરીઓ કેમ શિક્ષણ છોડી દે છે ? એના અનેક જવાબોમાં સૌથી મોટો કોઈ મુદ્દો હોય તો એક જ છે 'ઘરકામ' ઘરનું કામ અગત્યનું ભણતર નહીં. જો દિકરીઓ હોમવર્ક કરે અને હોમનું વર્ક ના કરે તો શિક્ષણનો આંક સુધરશે.

# જિલ્લામાં આરોગ્ય સેવાઓ કથળી

**એસ્પીરેશનલ ડીસ્ટ્રીક્ટના રેન્કીંગમાં જિલ્લાનો ક્રમ ૧૭માંથી ૧૮મા ક્રમે ખસક્યો : શિક્ષણની સ્થિતિ જળવાઈ રહી તો સ્કીલ ડેવલપમેન્ટમાં જિલ્લાનો બમ્પર જમ્પ જોવા મળ્યો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાએ આરોગ્ય સેવામાં ૧૮મો ક્રમાંક, શિક્ષમમાં ૧૪મો ક્રમાંક, કૃષિમાં ૨૨મો ક્રમાંક, સ્કીલ ડેવલપમેન્ટમાં ૧૫મો ક્રમાંક અને બેઝીક આંતરમાળખાકીય સુવિધાઓમાં ૨૨મો ક્રમાંક મેળવ્યો છે.

એસ્પીરેશનલ ડીસ્ટ્રીકટ અંતર્ગત દરેક જિલ્લાનું સતત મોનીટરીંગ મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ કક્ષાએ થતુ હોય છે. સેવાક્ષેત્રે થયેલ કામગીરીના મૂલ્યાંકન આધારે આ રેન્કીંગ આપવામાં આવે છે.

તાજેતરમાં જુલાઈ માસમાં આ વિભાગોના ૪૯ જેટલા ઈન્ડીકેટરની ચકાસણીને અંતે આ રેન્કીંગ આપવામાં આવ્યા છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓ કથળવા પામી હોવાનું જોવા મળ્યુ છે. જુન માસમાં જિલ્લો ૧૭મા ક્રમે હતો જયારે જુલાઈમાં તે ૧૮મા ક્રમે ખસેડાયો છે.

શિક્ષણનો ક્રમાંક જળવાઈ રહ્યો છે. જયારે કૃષિમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિને કારણે ૧ ક્રમાંક પાછળ ગયો છે. નાણાંકીય સ્થિતિમાં જિલ્લામાં સુધારો જોવા મળ્યો છે. જયારે સૌથી શ્રેષ્ઠ દેખાવ સ્કીલ ડેવલપમેન્ટ વિભાગમાં જોવા મળ્યો છે. જેમાં જિલ્લાએ નોંધપાત્ર સુધારો કરી ૧૬ સ્થાનનો બમ્પર જમ્પ લગાવ્યો છે. તે ૩૧મા સ્થાનેથી સીધો ૧૫મા ક્રમે આવ્યો છે. જયારે બેઝીક આંતરમાળખાકીય સુવિધાઓમાં પણ ૧ ક્રમાંકનો સુધારો જોવા મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય વિભાગના ૧૩ ઈન્ડીકેટરની ચકાસણીમાં સેવાઓ કથળી હોવાનું જણાઈ આવ્યુ છે. શિક્ષણ વિભાગના ૮ ઈન્ડીકેટર ચકાસાયા હતા. કૃષિના ૧૦ ઈન્ડીકેટર, નાણાંના ૬, સ્કીલ ડેવલપમેન્ટના ૫ અને આંતરમાળખાકીય સુવિધાના ૭ ઈન્ડીકેટર ચકાસણીમાં લેવાયા હતા. આ વિભાગોના ટોટલ ૧૦૦ જેટલા ઈન્ડીકેટર નિયત થયેલા છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓ સઘન કરવામાં આવી રહી છે. જિલ્લાતંત્ર દ્વારા સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર સેવાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

એસ્પીરેશનલ ડીસ્ટ્રીકટમાં આરોગ્ય સેવાઓને લઈ વારંવાર ચડ-ઉતર થતી હોવાથી તંત્રને તેની સેવાઓ માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાકીદ કરવામાં આવી હોવાની વાતો પણ બહાર આવવા પામી છે.

# આ વખતે જિલ્લામાં વરસાદની પેટર્નમાં બદલાવ જોવા મળ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં પહેલીવાર વરસાદની પેટર્નમાં સુધારો નોંધાયો છે અને જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૪ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આ વખતે મુશળધાર કે હેલી સ્વરૂપે વરસાદ નોંધાયો નથી પણ સતત ધીમી ધારનો વરસાદ જોવા મળ્યો છે. એકાદ બે દિવસોને બાદ કરતાં દિવસ દરમ્યાન બે થી અઢી ઈંચ વરસાદ અને પછી સૂરજનો તડકો જોવા મળ્યો છે.

વરસાદની પેટર્નમાં બીજો બદલાવ જોઈએ તો રાત્રિના સમયે વરસાદ નોંધાયાની ઘટનાઓ પણ જોવા મળી રહી છે. જિલ્લામાં ધીમી ધારના વરસાદને કારણે તળાવોમાં પાણીની આવક આટલા સારા ચોમાસા પછી થવી જોઈએ તેટલી થઈ નથી તે પણ એક સત્ય હકીકત છે.

જિલ્લામાં ધીમીધારના થયેલા વરસાદને કારણે ખેતીને ફાયદો જરૂર થયો છે એટલુ જ નહિ જમીનમાં ભેજનું પ્રમાણ પણ સારૂ એવુ વધવા પામ્યુ છે. આ ઉપરાંત જળ સંચયને પણ સારો એવો વધારો થયો છે.

જિલ્લામાં વરસાદની બદલાયેલી પેટર્નને કારણે સાબરમતી નદી, ખારી કે મેશ્વો પણ બે કાંઠે જોવા મળી નથી. સાબરમતી નદીના કિનારે બંધાયેલા સંત સરોવર ડેમમાં પાણી પણ સુજલામ સુફલામના આસ્કેપમાંથી છોડવામાં આવ્યુ છે તે છે. આમ જિલ્લામાં વરસાદની પેટર્નમાં આ વખતે બદલાવ જોવા મળ્યો છે જે સૌથી નોંધનીય છે.

જિલ્લાના બે તાલુકામાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો છે જ્યારે ગાંધીનગરમાં ૭૭ ટકા તો માણસામાં ૮૭ ટકા વરસાદ નોંધાયો છે. કલોલ અને દહેગામમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો છે.

**શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત....**



# તાલુકાનો વિજ્ઞાનમેળો ૧૮-૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકાનો ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન મેળો આગામી ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના રોજ મોટેરા પ્રા.શાળા ખાતે યોજાશે.

ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય આધારિત આ વિજ્ઞાન-પર્યાવરણ મેળાઓ ગાંધીનગર તાલુકાની પ્રા. શાળાના બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજુ થશે. ૧૮મી સપ્ટેમ્બરના રોજ તેનુ વિધિવત ઉદ્દ્ઘાટન થશે જ્યારે ૧૯મી સપ્ટેમ્બરના રોજ ખાસ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરાયેલ દુર્લભ કૃતિઓનું પ્રદર્શન રહેશે.

**પ્રધાનમંત્રી મોદીએ દરેક પંચાયતને પત્ર લખી કહ્યુ**

# દરેક ગ્રામ પંચાયત ૨જી ઓક્ટો.ના રોજ પ્લાસ્ટીક મુક્ત ગામનો સંકલ્પ કરે

ગાંધીનગર, તા. ૧૫

સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર ભારતની કલ્પનાને સાકાર કરવા સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ સંપૂર્ણ રીતે બંધ કરીએ તે અંગે હૃદયસ્પર્શી અપીલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોના સરપંચને પત્ર પાઠવી કરી છે.

મોદીએ પાઠવેલા પત્રમાં ૨જી ઓકટો.ના રોજ દરેક પંચાયત પ્લાસ્ટીક મુક્ત પંચાયતનો સંકલ્પ કરે તેમ પણ જણાવ્યુ છે.

ખુલ્લામાં શૌચથી મુક્ત ભારત બનાવ્યા પછી હવે પ્લાસ્ટીક મુક્ત ભારત બનાવીએ. ગાંધીબાપુની ૧૫૦મી જન્મ જયંતિએ દરેક પંચાયત પ્લાસ્ટીક મુક્ત પંચાયતનો સંકલ્પ કરશે તો સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર ભારતની કલ્પના સાકાર થશે.

દરમ્યાન પ્રધાનમંત્રીના આ હૃદયસ્પર્શી પત્રને પગલે જિલ્લાતંત્રએ પણ ૨જી ઓક્ટો. સુધી આ અંગે ખાસ અભિયાન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેમાં પંચાયતો દ્વારા એકત્ર થયેલા પ્લાસ્ટીકના કચરાનો ''સ્વચ્છતા હી સેવા'' અંતર્ગત વહન કરી અને તેનો યોગ્ય નિકાલ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માટે એક ખાસ ગ્રામસભાનું પણ આયોજન કરવાની વાત વિચારાધીન છે. આ ઉપરાંત જિલ્લામાં પ્લાસ્ટીક મુક્ત ગામ માટે ખાસ સ્પર્ધાનું આયોજન પણ વિચારાધીન છે.

આ અંગે ૧૯મી સપ્ટેમ્બર સુધીમાં આખુય આયોજન કરી આગળ વધવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# આકાશમાં વરસાદી વાદળો યથાવત

**સતત વાદળિયા વાતાવરણ અને ભીંજારના માહોલ વચ્ચે મચ્છર- જીવાતનો ઉપદ્રવ : આકાશમાં વરસાદી વાદળો વચ્ચે સુરજદાદાની લુપાછુપી :મોસમની વિચિત્ર મિજાજથી જનજીવન પ્રભાવિત : ભાદરવાનો આકરો તાપ પણ અદ્રશ્ય**

ગાંધીનગર તા ૧૫

ઉનાળાની આકરી ગરમીમાં ચૈત્ર આકાશે ચઢયો હોય તેવો તાપ ભાદરવે વર્તાય છે. સામાન્ય રીતે ભાદરવાના આકરા તાપથી અંગ દઝાડતી ગરમીનો અહેસાસ નગરજનો કરે છે. પરંતુ ભાદરવાના પ્રારંભથી સતત આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહેતા હજુ સુધી હળવો તાપ પણ પડયો નથી. સતત વાદળિયા વાતાવરણના લીધે વિચિત્ર મોસમના અહેસાસ સાથે જનઆરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. સુર્યપ્રકાશની ગેરહાજરી વચ્ચે ભાદરવાનો આકરો તાપ પણ અદ્રશ્ય છે. સુરજના આડે ગોરંભાયેલા વરસાદી વાદળો હટતા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# સિરિયલ કિલર આખરે જબ્બે

**સિરિયલ કિલર મદન માલીને એટીએસે ઝડપ્યો : ત્રણ હત્યાઓને અંજામ આપનારો મદન માલી કોઇ પૈસા ન આપે તો માથામાં ગોળી મારી હત્યા કરી નાંખતો હતો**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૧૧ મહિનાથી સિરિયલ કિલરે આંતક મચાવ્યો હતો. દંતાલી, કોબા અને શેરથા ખાતે મર્ડર વીથ લુંટ કરનાર સિરિયલ કિલરને શોધવા પોલીસ તંત્રએ એંડીચોટીનું જોર લગાવ્યું હતું, તેમ છતા સિરિયલ કિલર હાથ લાગતો ન હતો. ત્યારે ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડની ટીમને સિરિયલ કિલરને પકડવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. ગતરાત્રીના સુમારે સરખેજ વિસ્તારમાંથી એટીએસની ટીમ સિરિયલ કિલરને દબોચી લીધો છે. ત્યારે હવે આરોપીને ગાંધીનગર પોલીસના હવાલે કરવામાં આવશે.




મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં ગત ઓકટોબર થી જાન્યુઆરી મહિના દરમિયાન ત્રણ હત્યાઓ થઈ હતી. આ ત્રણેય હત્યાઓ એક જ હથીયાર અને એક જ મોડસ ઓપરન્ડીથી કરવામાં આવી હતી. જયારે હત્યાનો પહેલો બનાવ તા.૧૪-૧૦-૧૮ ના રોજ દંતાલી ગામના રહેવાસી જયરામભાઈ મફતભાઈ રબારી ગામના રેલ્વે ટ્રેક નજીક ભેંસો ચરાવતા હતા તે સમયે માથાના પાછળના ભાગે ફાયરીંગ કરી તેમની હત્યા કરી હતી. ત્યારબાદ કાનમાં પહેરેલી રૂ.૭૦,૦૦૦ ની કિંમતની વાળીઓની લુંટ ચલાવી હતી. જયારે બીજો બનાવ તા. ૯-૧૨-૧૮ ના રોજ કોબા ગામના રહેવાસી કેશવલાલ પટેલ પ્રેક્ષાભારતી નજીક આવેલા પોતાના પ્લોટમાં વહેલી સવારે પહોચ્યા હતા. ત્યારે તેઓને પણ માથાના પાછળના ભાગે ગોળી મારી હત્યા કરી દેવાઈ હતી. જયારે ત્રીજા બનાવમાં તા.૨૬-૧-૧૮ ના રોજ બનવા પામ્યો હતો. જમાં શેરથા ગામના રહેવાજી જુહાજી ઠાકોર શરેથા-ટીંટોડા માર્ગ ઉપર આવેલી પોતાની વાડીએ હતા. તે દરમિયિાન સવારે કોઈ શખ્સે તેમના માથાના પાછળના ભાગે ગોળી મારી તેમની હત્યા કરી વીંટી, સોનાની ચેઈન વગેરે મળીને કુલ રૂ. ૨,૭૫,૦૦૦ ની લુંટ ચલાવી હતી. આ ત્રણેય ગુનાની ફરીયાદ બે અડાલજ અને એક ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાઈ છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ત્રણેય બનાવની તપાસ કરવામાં આવી રહી હતી. જેમાં તપાસમાં ત્રણેય બનાવમાં ઉપય.ોગમાં લેવાયેલુ હથીયાર એક જ હોવાનું એફએસએલ દ્વારા અભિપ્રાય અપાયો હતો. જેથી બનાવની ગંભીરતાને પગલે રાજયના ડીજીપી દ્વારા આ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર-અમદાવાદના માર્ગોથી વાકેફ હતો

આરોપી ભુતકાળમાં અમદાવાદ-ગાંધીનગરમાં શાકભાજીની લારી અને નાસ્તાની લારી ચલાવતો હતો. જેને પગલે તે તમામ વિસ્તાર અને માર્ગોથી પરિચિત હતો. હત્યાના બનાવ સમયે સીસીટીવી ફુટેજમાં ના આવી જાય તેની પણ ખાસ તકેદારી લેતો હતો.

## સાયકલ ચોરીમાં સજા કાપી ચુક્યો છે

આરોપી પહેલાથી જ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આ બનાવ પહેલા આરોપી અમદાવાદ શહેરમાં સાયકલ ચોરી અને લુંટના ગુનામાં અનુક્રમે દોઢ થી બે વર્ષની સજા કાપી ચુક્યો છે. ગાંધીનગર પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે એકલ દોકલ વ્યકિતને હથીયાર બતાવીને આરોપીએ લુંટી લીધાનું જણાવ્યું છે.

## પોતાનો લુક અને રહેઠાણ બદલી કાઢ્યું

એટીએસની ટીમ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ ફોટોગ્રાફ પેટ્રોલ પંપ ઉપર પોતે જોઈ જતા આરોપીએ પોતાનો લુક બદલી નાંખ્યો હતો અને પોતાનું રહેણાંક મકાન પણ બદલીને સરખેજ વિસ્તારમાં હાલની એકાંત જગ્યાએ રહેવા લાગ્યો હતો. જયારે નાગરીકો સાથે સંપર્ક પણ ઓછો કરી દીધો હતો

# ન્યુ ગાંધીનગર વિસ્તારની ૧૨ સોસાયટીના સંચાલકોને મેલેરિયા તંત્રએ નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૧૫

વાહકજન્ય રોગચાળા માટે અતિ સંવેદનશીલ ગણાતા ન્યુ ગાંધીનગર વિસ્તારની ૩૦ સોસાયટીઓમાં આજે ખાસ સર્વેલન્સ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ.

આજે સર્વેલન્સને અંતે ૧૨ જેટલી સોસાયટીના સંચાલકોને તંત્ર દ્વારા ભારે બ્રીડીંગ મળી આવતાં નોટીસ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ આજે ૨૫ જેટલી ટીમો બનાવી અને સર્વેલન્સની આ કામગીરી હાથ ધરી હતી. આ વિસ્તારમાંથી ખાનગી દવાખાનાઓમાં ડેન્ગ્યુના કેસના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તેથી તંત્રની ટીમો દ્વારા દરેક સોસાયટીમાં ખાસ જનજાગરણ અભિયાન પણ સર્વેલન્સ દરમ્યાન હાથ ધરવામાં આવ્યુ હતુ.

કુડાસણ, સરગાસણ, વાસણા હડમતિયા વિસ્તારની આ સોસાયટીઓમાં આજે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે કુડાસણ ૪, સરગાસણની ૬ અને વાસણા હડમિયાની ૨ સોસાયટીના સંચાલકોને નોટીસ આપવામાં આવી છે.

તંત્રની ટીમો દ્વારા ૩૧૬૫ ઘરોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ૮૩૦૪ પાત્રોની ચકાસણી સર્વેલન્સ દરમ્યાન કરવામાં આવી હતી. જે પૈકી ૧૭૧ પાત્રોમાં પોરા મળી આવ્યા હતા.

તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. પાછોતરા વરસાદને કારણે હજુ ક્યાંક ક્યાંક પોરા મળી રહ્યા છે પરંતુ આ સ્થિતિ પર પણ ઝડપથી અંકુશ મેળવી લેવામાં આવશે. આ વિસ્તારમાં એન્ટી લારવેલની કામગીરી પણ સઘન કરવામાં આવી છે.

વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય તેના પર પણ સર્વેલન્સ દરમ્યાન ભાર મુકવામાં આવ્યો છે તેમજ એબેટ ડે નું મહત્વ પણ લોકોને સમજાવવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com